
## વડીલોને વંદન

## અભિનંદન



નારાયણ મોદી
(૧૯૪૧)મો :૯૪૨૯૩૮૯૫૧૯

## વદરાડની વિદ્યાર્થીની ગોળાફેંક સ્પર્ધામાં ચમકી

પ્રાંતિજ, તા. ૨૩
ખેલ મહાકુંભ આયોજીત એથલેટીક્સ સ્પર્ધામાં વદરાડ શાળાની વિદ્યાર્થીનીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે.

રાજ્ય સરકાર આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૪ અંતર્ગત તાજેતરમાં રાજ્યકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રાંતિજના વદરાડ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની કલ્પના મનુસિંહ રાઠોડે ગોળાફેંક સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ અને રાજ્યકક્ષાએ તૃતીય સ્થાન મેળવી વિજેતા બની તાલુકા અને શાંતિપુરા ગામનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## ખેડબ્રહ્મામાં ગટરનું ગંદુપાણી રસ્તા ઉપર આવતા રોગચાળાનો ભય

ખેડબ્રહ્મા, તા. ૨૩
ખેડબ્રહ્મા શહેરના હરિજનવાસમાં ગટર ઓવરફ્લો થતા તથા જમીન વિકાસ બેંક પાસે નીકનું ગંદુ પાણીનો રોડ ઉપર ભરાવો થતા મચ્છરોના ઉપદ્રવ અને ગંદાપાણીથી રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. આ અંગે સત્વરે ગંદાપાણીનો નિકાલ કરવા રહીશોએ પાલિકામાં લેખીત રજૂઆત કરી છે. ખેડબ્રહ્મા તાલુકા સેવા સદનના મુખ્ય સંગઠક ગોવિંદભાઈ પુંજાભાઈ પરમારના જણાવ્યા અનુસાર હરિજનવાસ પાસેની ગટર ઓવરફ્લો થતા ગંદકીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગંદા પાણીથી મચ્છરોનો ઉપદ્રવ વધી જવાથી રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. આ ઉપરાંત રેલવે સ્ટેશન પાસે જમીન વિકાસ બેંકની બાજુના રહેણાંક મકાનની આગળ ગંદા પાણીની નીક ઓવરફ્લો થતા મોટુ ખાબોચીયુ ભરાઈ રહ્યું છે જેથી રહીશો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. આથી રહીશોએ પાલિકામાં લેખિત રજૂઆત કરી છે.

# બોરીજમાં પાણીનો નવો બોર બનાવવાનું ટેન્ડર અટવાયું

### પાણીની સમસ્યાને ડામવા નવો બોર બનાવવાનો નિર્ણય લેવાયો હતો

ગાંધીનગર, તા. ૨૩
શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં દાયકાઓના અંતે પણ પાણીની સમસ્યા હલ થઈ નથી. જ્યારે ગ્રામજનોમાં પાણીનો પ્રશ્ન ડામવા નવો બોર બનાવવા ઉપરાંત લાઈનની વ્યવસ્થા અપગ્રેડ કરવાની માંગ પણ પ્રબળ બની છે. બોરીજમાં પણ પાણીની તંગી નિવારવા નવો બોર બનાવવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ ટેન્ડરની મંજૂરીના અભાવે કામ અટવાયું છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ૬ ગામોમાં દાયકાઓના અંતે પણ પાયાની સુવિધાઓ પૂર્ણરૂપે ઉપલબ્ધ થઈ નથી. જેના લીધે પાણી, ગટર અને રસ્તાની પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે ગ્રામજનોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. શહેરી વિસ્તારના ગામોની ટોપોગ્રાફીના લીધે પાણી અને ગટરને લગતી સમસ્યાઓ છાશવારે ઉદ્‌ભવે છે. જેમાં ગામના અમુક વિસ્તારમાં પાણી ન આવતા બેડાપદ્ધતિની સ્થિતિ સર્જાય છે. બોરીજ અને ધોળાકુવામાં છાશવારે પાણીની સમસ્યા ઉદ્‌ભવે છે. જ્યારે બોરીજમાં નવો બોર બનાવવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ ટેન્ડરને હજી સુધી મંજુરી ન મળતા નવો બોર બનાવવાનું કામ અટવાયું છે. ધોળાકુવાના રામદેવનગર વિસ્તારમાં પણ પાણીની પોકાર ડામવા તંત્ર દ્વારા અગાઉ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ નક્કર આયોજનના અભાવે હજુ પાણીની સમસ્યા હલ ન થઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ સ્થિત દશામાં મંદિરમાં તાલુકા કક્ષાની પશુપાલન શિબિર યોજાઈ હતી. મોટી સંખ્યામાં પશુપાલકો જોડાયા હતા અને માહિતી તેમજ માર્ગદર્શન મેળવ્યું હતું. પ્રાંતિજ તાલુકા પશુપાલન શાખા, જિલ્લા પંચાયત અને પશુદવાખાના આયોજીત તાલુકા કક્ષાની પશુપાલન શિબિરનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય મહેન્દ્રસિંહના હસ્તે કરવામાં આવ્યું હતું. શિબિરમાં જિલ્લાભરમાંથી આવેલા પશુ નિષ્ણાંત તબીબો દ્વારા પશુપાલકોને પશુઓ અંગેની માહિતી પુરી પાડવામાં આવી હતી. વિવિધ રોગો વિશે ઉદાહરણ સાથે સમજ આપી પશુઓની યોગ્ય કાળજી લેવા જણાવ્યું હતું. જ્યારે પશુધન વિશેની વિસ્તૃત માહિતી એક જ સ્થળેથી આવી શિબિરો દ્વારા કિટ સાથે મળી રહેતા પશુપાલકોમાં આનંદ છવાયો હતો. શિબિરમાં ડૉ. આશિષ, ડૉ. સંજય અને ડૉ. રાજુભાઈએ સેવાઓ આપી હતી.

## આઈસ એવોર્ડઝ ૨૦૧૪માં ગુજરાતની બનાસ ડેરીને અદ્યતન એનર્જી કુલીંગ ટેકનોલોજી માટે 'બેસ્ટ ફૂડ પ્રોસસિંગ ફેસિલીટ એવોર્ડ' એનાયત

અમદાવાદ, તા.૨૩
અગ્રણી કલાઈમેટ અને એનર્જી સોલ્યુશન પ્રોવાઈડર કંપની ડેનફોસ ગ્લોબની પેટા કંપની ડેનફોસ ઈન્ડિયાએ આજે ડેરી અને ફૂડ પ્રોસેસિંગ સેકટરના ઉર્જા કાર્યક્ષમતાની શ્રેષ્ઠ પધ્ધતિ અનુસરતાં એકમોને ૨૦૧૪ના પ્રતિષ્ઠિત ઈન્ડીયન કોલ્ડ ચેઈન એકસેલન્સ (આઈસીઈ) એવોર્ડ એનાયત કર્યા હતા. બનાસ ડેરીને મલ્ટી રેફ્રીજન્ટ સ્ક્રોલ કોમ્પ્રેસર જેવાં બલ્ક મિલ્ડ કૂલર્સ અને કન્ડેન્સીંગ એકમોમાં બેસ્ટ ફૂડ પ્રોસેસિંગ ફેસિલિટી એવોર્ડ એનાયત કરાયો હતો. આ સુવિધાના કારણે દૂધના રેફ્રિજરેશન, પ્રોસેસ અને સ્ટોરેજમાં ઉચ્ચ સ્તરની ઉર્જા કાર્યક્ષમતા હાંસલ કરવા સહાય થાય છે.

ડેનફોસ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ., ઈન્ડીયાના વાઈસ પ્રેસિડેન્ટ રાજેશ પ્રેમચંદ્રન જણાવે છે કે 'બનાસ ડેરી જેવી નફાકારક છતાં ઉર્જા કાર્યક્ષમ સુવિધા તેમના ક્ષેત્રના સહયોગીઓને પ્રોત્સાહિત કરવા આવશ્યક છે જેથી જેમાં ઉર્જાનો ઈષ્ટ વપરાશ થતો હોય તેવી બહેતર ટેકનોલોજી તરફ લોકોને વાળી શકાય છે.'



ખેલ મંત્રાલય ભારત સરકાર દ્વારા અપાતો એવોર્ડ કડી કોલેજ સતત બીજા વર્ષે મેળવ્યો

# રાષ્ટ્રપતિના હસ્તે ગાંધીનગરની કુ મિરલ પટેલે એન.એસ.એસ. એવોર્ડ મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગરની કે.બી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ કોલેજની વિદ્યાર્થીનીને એન.એસ.એસ. શિબિરમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રીય યુવા અને ખેલ મંત્રાલય દ્વારા ઈન્દિરા ગાંધી એન.એસ.એસ. એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

શહેરના સેક્ટર-૨૩ માં આવેલી કે.બી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ કોલેજમાં એમ. ફાર્મના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. મિરલ પટેલને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે ગત-૧૯મીના રોજ ઈન્દિરા ગાંધી એન.એસ.એસ. એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગરની કડી વિશ્વ વિદ્યાલય સતત બીજા વર્ષે એવોર્ડ મેળવનારી કોલેજ બની છે.

કે.બી. ફાર્મસી કોલેજમાં છેલ્લા ૬ વર્ષથી એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ શાહ, યુનિટ પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ બ્લડ ડોનેશન, થેલેસેમિયા અવરનેશ, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે ગત ૨૪ સપ્ટેમ્બરના રોજ કુ. મિરલ પટેલને પાટણ યુનિવર્સિટી ખાતે એન.એસ.એસ.નો રાજ્ય પુરસ્કાર એનાયત થયો હતો. ભારત સરકાર ખેલ મંત્રાલય દ્વારા ૨૧ વર્ષથી એન.એસ.એસ. એવોર્ડ એનાયત કરવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે દેશમાંથી ૩૦ વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી છે. જેમાંથી ગુજરાતના ૩ માં ગાંધીનગરની એક વિદ્યાર્થીનીને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. છેલ્લા ૨૧ વર્ષમાં ફાર્મસીના વિદ્યાર્થીને પ્રથમ વખત એનાયત થયો છે અને તે પણ ગાંધીનગરની.

રાષ્ટ્રીય કક્ષાએ કડી યુનિવર્સિટીનું અને પાટનગરનું ગૌરવ વધારવાથી કડી કેમ્પસના ચેરમેન વલ્લભભાઈ પટેલે કુ. મિરલને રૂ. ૫૦૦૦ નો રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા છે.

# ઊંઝા તાલુકાના ગામોમાં આળસુ સરપંચોને લીધે ઠેર ઠેર ગંદકીના ઢગ : પ્રજામાં રોષ

ઊંઝા, તા. ૨૩
સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ કરવા માટે આદેશ કરાયેલ છે. તેમ છતાં ઊંઝા તાલુકાના કેટલાક ગામોના સરપંચો સરકારના આદેશની ઐસી કી તૈસી કરીને સફાઈના કામમાં ઘોર બેદરકારી દાખવી રહ્યા છે.

ઊંઝા તાલુકાના સૌથી મોટા વીસ હજારની વસતી ધરાવતા યાત્રાસ્થળ ઉનાવા ગામે સ્થાનિક ગ્રામ પંચાયતની નિષ્ફળતાને કારણે છેલ્લા કેટલાયે માસથી સફાઈ કરવામાં આવતી નથી. આથી સફાઈના અભાવે ગામમાં કેટલીય જગ્યાએ ગંદકી અને કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ઉનાવા ગ્રામ પંચાયત ગ્રામજનો પાસેથી સફાઈવેરો વસુલે છે, પરંતુ ગામમાં સફાઈ કરવાનું સુજતુ નથી. ગામમાં સાફસફાઈ ન થતાં જાહેર રાજમાર્ગો, પોળો, મહોલ્લાઓ તેમજ અન્ય જગ્યાઓ પર ગંદકી અને કચરાના થર જામી ગયા છે અને ગામ ગંદુ બની ગયેલ છે. સફાઈ બાબતે ગ્રામ પંચાયતના ચુંટાયેલા પ્રતિનિધિઓની ઘોર નિષ્ક્રિયતાને કારણે ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

બીજુ ગામમાં હાઈવે પર મીરાંદાતારની દરગાહ નજીક તળાવ આવેલ છે. મહેસાણા જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગ હસ્તકના આ તળાવની છેલ્લા ઘણા વખતથી ભારે દુર્દશા થઈ ગઈ છે. આસપાસમાંથી અત્રે તળાવમાં રોજિંદા કચરો અને ગંદકી ઠલવાય છે. તળાવમાં વર્ષોથી વેલ ઉગી નીકળી છે. જેથી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. અને આ તળાવનું સૌંદર્ય હણાઈ જતાં નર્કાગાર બની ગયું છે.

ઉનાવા હાઈવે પર ગૌરેયાવીર મંદિર પાસેથી ગામમાં જવાનો પાકો રસ્તો છે. જે રસ્તો ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો નિકાલ કરવા માટે તોડી નાંખવામાં આવતાં આજે ત્રણ માસ જેટલો સમય થવા છતાં આ રસ્તાની મરામત કરવામાં આવી નથી. પરિણામે ઊંઝા તરફથી ઉનાવા ગામમાં જવા ઈચ્છતા વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

## સાંસ્કૃતિક મહોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હરીપ્રસાદ ચોરસીયા, સોનુ નિગમ, સુનિધિ ચૌહાણ, કૈલાસ ખેર, ગીતા ચંદ્રન, ઈશા સેરવાની, સરમન જોશી અને અનુપમ ખેર, પદ્મવિભિષૂણ કે.જી. સુબ્રામણ્યમ, જ્યોતિ ભટ્ટ, જુડી શિકાગો, ગેવીન ટર્કના કાર્યક્રમ યોજાશે.

ગરવી ગુજરાતની વિચારણીય પ્રતિભાઓને વિશ્વમાં પ્રદર્શીત કરવાની પ્રયાસરૂપે વડફેસ્ટ ગુજરાતી ફેસ્ટીવલનું પણ આયોજન કરેલ છે. જેમાં મનહર ઉદાસ અને તેમનું વૃંદ શ્રોતાઓને અવિસ્મરણીય ગુજરાતી ગઝલથી ડોલાવશે. ગુજરાત રોક, લોકનૃત્ય જેવા કે ટ્રીબલ ડાંગ, કચ્છી રાસ, સૌરાષ્ટ્ર ગરબો, હુડા-ગોફના કાર્યક્રમ ચાહકોમાં અનેરી છાપ પાડશે. સાચા અર્થમાં વડફેસ્ટ ગુજરાતી ઉત્સવ એ પરંપરાગત કલા માણવાની ઉત્તમ તક આપશે.

વિભિન્નતા સમાવતા વડફેસ્ટના આ ઉત્સવમાં શાહી અને સ્ટ્રીટ ફુડ તેમજ વિન્ટેજ કાર રેલી શેરી બજાર અદ્‌ભુત હસ્તકલાનું પ્રદર્શન કચ્છી કપડાં, સંખેડાનું પ્રસિદ્ધ રાસ રચિત અને પરંપરાગત પાઘડીનો પણ સમાવેશ કરેલ છે. સાંસ્કૃતિક કલાઓ સુધી જ સીમીત ન રહેતા વડફેસ્ટ એ શોપીંગ પેસ્ટીવલ પણ આયોજીત કરેલ છે. ૪૦ દિવસ ચાલનારા આ ઉત્સવ વડોદરાને જયપુર મદ્રાસ અને દુબઈ શોપીંગ ફેસ્ટીવલ સાથે લઈ જશે. ૧૫૦૦ થી વધુ આર્ટીસ્ટ સ્થાનિક અને વિદેશી ખરીદદારો માટે લાલ જાજમ પાથરશે. ખરીદી કરનારાઓને આકર્ષક વળતરની સાથે લકી ડ્રો પણ મળશે જેમાં સાપ્તાહિક ધોરણે લકી ડ્રો અને બંફર મેગા ડ્રો નો લાભ મળશે.

## સૌથી ઠંડુ શહેર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વસ્ત્રોની જરૂરિયાત જણાઈ આવી હતી. નગરના કેટલાક માર્ગો અને બહારના હાઈવે પર ગરમ વસ્ત્રો વેચતા ઢગલાવાળા ખડકાઈ ગયા છે અને નગરમાં પણ તિબેટીયન સ્વેટર બજારમાં ઘરાકી વધવા પામી છે. જો કે નગરજનોએ હાલ તાત્કાલિક ધોરણે ઘરના કબાટો કે માળીયે ચઢાવેલ ગરમ વસ્ત્રો ઉતારવાનું વધુ મનાસીબ માન્યું છે. શિયાળો એ આમ તો સ્વાસ્થવર્ધક ઋતુ ગણાય છે અને શાસ્ત્રોમાં તેને શ્રેષ્ઠ ઋતુ તરીકે પણ વર્ણવામાં આવ્યો છે. ગાંધીનગરમાં વસતા લોકોમાં સ્વાભાવિકપણે સ્વાસ્થ પ્રત્યેની દરકાર વધુ હોવાથી આ ફુલ ગુલાબી ઠંડીમાં વહેલી સવારથી જોગીંગ અને કસરતો કરવા તેમજ મોર્નિંગ વોક લેવા નગરજનો ખૂબ ઉત્સાહી બન્યા છે. જેથી મોર્નિંગ વોકર્સની સંખ્યામાં પણ ઘણો વધારો જોવા મળી રહ્યો છે. નગરના ખુલ્લા રસ્તા અને સવારના સમયનું આહ્‌લાદક અને સ્વચ્છ વાતાવરણ આ મોર્નિંગ વોકર્સ માટે ઉત્તમ સાબીત થઈ રહ્યું છે. ઠંડીના કારણે સાંજના સમયે ટ્રાફિકમાં ખાસ્સો એવો ઘટાડો પણ જોવા મળી રહ્યો છે અને રાત્રે દસ વાગ્યા પછી નગરના રસ્તા સુમસામ બની જવા માંડ્યા છે.


## ખુલ્લામાં આશરો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી છે. આ રીતે આ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જો કે આ કામગીરીના કારણે રોજેરોજ કમાણી કરીને બે ટંકનો રોટલો રળતા અનેક શ્રમજીવી પરિવારોની હાલત આ કામગીરીને કારણે કફોડી થઈ જવા પામી છે. પરંતુ ગેર કાયદેસર વસવાટ કે ધંધો-રોજગાર કરવો એ ગેરકાનુની અને નડતરરૂપ બને છે. દબાણ હટાવ કામગીરી સંદર્ભે નગરમાંથી હટાવાયેલી ઝૂંપડપટ્ટી પછી શ્રમજીવીઓ પોતાના માલસામાન સાથે તેજ સ્થળે ખુલ્લામાં પડી રહ્યા છે. રાત્રીના સમયે પણ તેઓ આ સ્થળ છોડ્યા વગર ત્યા ંજ સુઈ જાય છે. આ નજારો નગરમાં ઠેર ઠેર દેખાઈ રહ્યો છે. જેથી દબાણ હટાવ ઝુંબેશમાં છાશવારે થતી કામગીરી હાલ તો ફારસરૂપ લાગી રહી છે. શરૂઆતથી જ આ ઝૂંપડપટ્ટી બનતા અટકાવવાના તંત્ર દ્વારા કોઈ પ્રયાસ થયા નથી અને જ્યારે જ્યારે પાટનગરમાં રાજકીય કે અન્ય પ્રસંગોએ દબાણ હટાવવવાની કામગીરી કરવામાં આવે છે ત્યારે દબાણકર્તાઓ દસ દિવસ, મહિનો કે બે મહિના માટે દૂર ખસી જાય છે અને વળી પાછા તેમના યથાવત સ્થળે ગોઠવાઈ જાય છે.

તંત્ર દ્વારા સમગ્ર નગરના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહીશો માટે ચોક્કસ સ્થળ નક્કી કરી તેમને ત્યાં વસવાટની વ્યવસ્થા કરી આપવામાં આવે તેમજ ત્યાં ન જવા માગંતા દબાણકર્તાઓને જે તે સ્થળેથી કાયમીરીતે હટાવી લેવામાં આવે તો ઝુંપડપટ્ટી દૂર થઈ શકશે તેવો સૂર નગરજનો વ્યક્ત કરી રહ્યા છે.

## શબ્દાવલી - ૫૫૬૯



### આડી ચાવી

૧. કામમાં લેવું, ... કરવો(૪)
૫. ન્યાયાધીશ (૨)
૬. માહિતી હોવી, ... હોવું(૨)
૮. વન, જંગલ (૩)
૧૦. ઉલટુ, વિરોધી, અવળુ(૪)
૧૨. નકામુ (૨)
૧૩. સુમસાન, વગડાઉ (૩)
૧૪. ઉતાવળમાં થતી ગભરામણ (૪)
૧૬. ચિઠ્ઠી, પત્ર (૨)
૧૭. વહેંચણી કરવી તે (૪)
૧૮. પૃથ્વી, ધરણી (૨)
૧૯. એક ઝાડ અને તેનું ફળ(૩)
૨૦. પૂર્વની વિરૂદ્ધ દિશા (૩)
૨૧. હેતુ, ઉદ્દેશ (૩)

### ઊભી ચાવી

૧. અહેસાન (૪)
૨. જોજન, અંતર (૩)
૩. હાથી (૨)
૪. જાહેરાત (૪)
૭. નરદમ, તદ્દન (૨)
૯. ધૃણા (૪)
૧૦. મહાકાય, મોટુ (૩)
૧૧. કાચ-પથ્થર કે ધાતુની ચાર ખુણાવાળી ચકતી (૩)
૧૩. સમધન, પુત્ર કે પુત્રીની સાસુ (૩)
૧૫. ગૃહકાર્ય (૪)
૧૬. કંટાળો ઉપજાવે તેવું લાંબુ વિવેચન (૫)
૧૭. રૂદન, રડવું તે (૩)
૧૮. ધરાહાર, પરાણે (૩)

### શબ્દાવલી ૫૫૬૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) તરખાટ (૪) ખારવો (૬) રબ (૭) નજાકત (૯) ફરજ (૧૧) વાડી (૧૨) તપકીર (૧૩) રીટન (૧૫) જુઆ (૧૬) કડકાઇ (૧૮) ઠાકોરજી (૨૦) યોગાનુયોગ

**ઊભી ચાવી :-** (૧) તરફદારી (૨) રબર (૩) ટન (૪) ખાક (૫) રતવા (૮) જાનકી (૧૦) જતન (૧૪) ટપાકો (૧૫) જુઇ (૧૬) કજીયો (૧૭) કાગનું (૧૮) ઢાલો (૧૯) આગ

## ટાઈમલાઈન....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ૨૦૦૩માં આ જિલ્લામાં ટ્રી પોપ્યુલેશન ૧૯ મિલિયન હતું જે ૨૦૧૩માં વધીને ૨૧.૨ મિલિયન થયું છે...

**સીએમની પ્રેસ રિલીઝ હિન્દી-અંગ્રેજીમાં કેમ ...**

ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની હિન્દી અને અંગ્રેજી પ્રેસ રિલિઝ કેમ તૈયાર થાય છે તેવો સવાલ એક સનદી અધિકારીને કરવામાં આવતા તેમણે ભૂતકાળને યાદ કરતાં કહ્યું હતું કે- યાદ કરો, ૨૦૦૫ પછી અને લોકસભા-૨૦૧૪ની ચૂંટણી પહેલા ગુજરાતના તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી પ્રેસ રિલીઝ ઉપર ભાર મૂક્યો હતો. આટલા વર્ષોમાં કોઈને આવો પ્રશ્ન ન થયો પણ બધાં જાણતા હતા કે આપણા મોદી સાહેબ નવી દિલ્હી જવાના છે. ૨૦૧૩માં વર્ષમાં તો તેમનું દિલ્હી જવાનું લગભગ નક્કી થઈ ગયું હતું. આજે તેઓ હિન્દુસ્તાનના પીએમ છે. હવે બેન પણ પીએમ ની ટીમમાં કદાચ જોડાઈ શકે છે તેથી તેમની પ્રેસ રિલિઝ હિન્દી અને અંગ્રેજીમાં તૈયાર થાય છે. એવું ન હોય એવો વળતો પ્રશ્ન કરતાં અધિકારીએ બીજું ઉદાહરણ આપતાં કહ્યું કે, જુઓ હવે તો ફિલ્મસ્ટાર્સ પણ બહેનને મળવા ગાંધીનગર આવી રહ્યાં છે...

**ગાંધીનગર વાયબ્રન્ટમય બન્યું છે ...**

ગુજરાતનું પાટનગર તેના મહેમાનોને આવકારવા સજ્જ બની રહ્યું છે. મહાત્મા મંદિર અને સચિવાલયને જોડતા વિસ્ટાનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે ત્યારે બીજી તરફ શહેરના રાજમાર્ગો ઉપર વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટના બોર્ડ લાગી ચૂક્યા છે. રાજયમાં અગાઉ યોજાયેલી છ વાયબ્રન્ટ સમિટમાં નરેન્દ્ર મોદી દેશ-વિદેશના મહેમાનોને આવકારતા હોય તેવા બોર્ડ જોવા મળતા હતા, જયારે હવે દેશ-વિદેશના મહેમાનોની સાથે ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીને આવકારતા બોર્ડ જોવા મળે છે. મોદી યજમાનની જગ્યાએ મહેમાન બનતાં- ગુજરાત સરકારને તેના વાયબ્રન્ટ સમિટના બોર્ડના લખાણમાં ખાસો મોટો ફરક કરવો પડ્યો છે. આ ઈવેસ્ટ આવતા વર્ષના જાન્યુઆરી મહિનામાં મહાત્મા મંદિરે યોજાવાની છે...

**ભાજપમાં અસંતુષ્ટો ઘટી રહ્યાં છે ...**

શું ભાજપમાં અસંતુષ્ટ નેતાઓનું જોર ઘટી રહ્યું છે એવો પ્રશ્ન કોઈ પૂછે તો તેના સીધા જવાબમાં કેન્દ્રસ્થાને નરેન્દ્ર મોદી આવે છે, કેમ કે બળવો, વિદ્રોહ અને અસંતોષ જેવા શબ્દો તેમના શાસનમાં ખૂબ ઓછા જોવા મળ્યા છે અને જેમણે વિદ્રોહ કર્યો તેઓનું રાજકારણ પૂર્ણ થયું છે. પ્રભાવશાળી લિડરનો આ પ્રતાપ છે. પાર્ટી અને સંગઠન ઉપર જે લિડર કાબૂ મેળવે તેને અન્ય કોઈ આગેવાન નડી શકતા નથી. મોદીએ ગુજરાતમાં બાર વર્ષ શાસન કર્યું છે અને તે સમય દરમ્યાન બળવાખોરો ક્યારેય ફાવ્યા નથી, કારણ એ હતું કે મોદીને હાઈકમાન્ડની છત્રછાયા હતી. હજી આજે પણ મોદી ગુજરાતમાં નથી છતાં તેમનો ડર સરકાર અને સંગઠનમાં યથાવત છે...

**તાજમહલ નજીક આવી રહ્યો છે ...**

ઉત્તરપ્રદેશના આઝમખાને જેનો વિવાદ શરૂ કર્યો છે તે આગ્રાનો ખૂબસુરત તાજમહલ નજીક આવી રહ્યો છે. ભારતની સૌથી પહેલી હાઈસ્પીડ ટ્રેઈન શરૂ થઈ રહી છે જે દિલ્હીથી માત્ર ૧૦૫ મિનિટની અંદર પ્રવાસીને આગ્રા લઈ જશે. કેન્દ્ર સરકાર આ ટ્રેઈનનું લોંચિંગ કરી રહી છે. જયારે આ સર્વિસ શરૂ થશે ત્યારે દિલ્હીથી સવારે ૮.૦૦ વાગે ઉપડેલી હાઈસ્પીડ ટ્રેઈન ૯.૪૫ કલાકે આગ્રા રેલવે સ્ટેશન પહોંચશે અને આગ્રાથી ૫.૩૦ કલાકે નિકળેલી ટ્રેઈન નવી દિલ્હી સાંજે ૭.૧૫ કલાકે રિટર્ન થશે. તાજમહલને માણનારા પ્રવાસીઓને હવે ખૂબ ઝડપી સુવિધા પ્રદાન થશે, એટલે કહેવાયું છે કે તાજમહલ દિલ્હીની નજીક આવી રહ્યો છે...

**રશિયન પ્રેસિડેન્ટને સુરતનું આમંત્રણ ...**

રશિયાના પ્રેસિડેન્ટ વાલ્દમીર પુટીન ડિસેમ્બરમાં ભારતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે તેમને ડાયમન્ડ સિટી સુરત આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. સુરત મહાનગરના મેયર નિરંજન જજમેરા અને સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડેન્ટ મહેન્દ્ર કતારગામવાલાએ પુટીનને ઈન્વિટેશન મોકલ્યું છે. સુરતના આ મહાનુભાવો રશિયાના પ્રેસિડેન્ટને ડાયમન્ડ ફેક્ટરી અને અન્ય સ્થળોની મુલાકાત કરાવવા ઈચ્છે છે. નવી દિલ્હીમાં ૧૧-૧૨ ડિસેમ્બરના રોજ જેમ્સ અને જવેલરી એક્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ તરફથી વર્લ્ડ ડાયમન્ડ માર્ક ફાઈન્ડેશન યોજાઈ રહ્યું છે ત્યારે તેનો મોકો જોઈને પ્રેસિડેન્ટને આમંત્રણ આપવામાં આવ્યું છે...

**હવે આવ્યું છે ઇન્ડસ્ટ્રીયલ ટુરિઝમ ...**

ગુજરાત સરકારે ટુરિઝમમાં હવે એક નવું આકર્ષણ ઉમેર્યું છે. વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટના માધ્યમથી રાજય બહારના અને વિવિધ દેશોના ડેલિગેટ્‌સને ગુજરાતના ઈન્ડસ્ટ્રીયલ ઝોનની સફર કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. કુલ બાર જેટલા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો કે જે અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર અને કચ્છમાં આવેલા છે તેની પ્રવાસીઓને વિઝિટ કરાવવામાં આવશે. અન્ય ઉદ્યોગજૂથના પ્રતિનિધિઓ આ ટૂરમાં ભાગ લઈ શકશે. ગુજરાત સરકાર સ્કૂલ અને કોલેજના સ્ટુડન્ટ્‌સ માટે પણ ઉદ્યોગ સરકીટની વિઝિટનું આયોજન કરી રહી છે...

**વસતીના ૨૯ ટકા માત્ર ત્રણ જિલ્લામાં ...**

ગુજરાતની કુલ વસતીના ૫૦ ટકા વસતી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, બનાસકાંઠા, ભાવનગર અને જૂનાગઢ એમ સાત જિલ્લામાં છે, જયારે ૨૯ ટકા વસતી તો માત્ર પ્રથમ ત્રણ જિલ્લામાં જોવા મળે છે. ગુજરાતમાં હાલ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકાઓ છે. છેલ્લા સેન્સસ પ્રમાણે રાજયમાં નાના-મોટા મળીને વૈધાનિક શહેરોની સંખ્યા ૧૯૫ થવા જાય છે, જયારે ગામડાં ૧૮૨૨૫ છે. ગુજરાતની ૨૦૧૧માં વસતીનો આંકડો ૬.૧૪ કરોડ થતો હતો પરંતુ પ્રોજકશનના આંકડા પ્રમાણે હાલ ૬.૩૦ થવા જાય છે. ગુજરાતની સૌથી વધુ ૭૨.૧૪ લાખની વસતી એકલા અમદાવાદમાં છે...

**ગુજરાતમાં શાદીની મોસમ ખિલી ઉઠી ...**

ગુજરાતમાં અચ્છે મુહુર્તનો સમય આવ્યો છે જે આવતા જૂન મહિના સુધી ચાલવાનો છે. ડિસેમ્બર મહિનામાં શાદી માટે કુલ આઠ દિવસો છે. જાન્યુઆરીમાં ચાર, ફેબ્રુઆરીમાં આઠ, માર્ચમાં પાંચ, એપ્રિલમાં ચાર, મે માં નવ અને જૂનમાં પાંચ દિવસો છે. એટલે કે માગશર થી લઈને જેઠ મહિના સુધીના દિવસો શુભકાર્ય માટે ઉત્તામ માનવામાં આવે છે. છ મહિનામાં કુલ ૪૪ દિવસો એવા છે કે જે સમય દરમ્યાન શાદીનું ગોઠવાઈ શકે છે...

**ગુજરાતનો જંગલ વિસ્તાર વધ્યો ...**

ગુજરાતનો જંગલ વિસ્તાર વધીને ૧૧.૦૫ ટકા થયો હોવાનો દાવો સરકારી ડોક્યુમેન્ટમાં કરવામાં આવ્યો છે. જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ૧૯૯૧માં જંગલ વિસ્તાર ૧૧૯૦૭ ચોરસ કિલોમીટર હતો જે ૨૦૧૩માં વધીને ૧૪૬૫૩ ચોરસ કિલોમીટર થયો છે. ગુજરાત પાસે ૧૩૧૫ મેડિશનલ પ્લાન્ટ હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. એટલું જ નહી, ફોરેસ્ટ વિસ્તારની બહાર ૭૮૩૭ ચોરસ કિલોમીટર ટ્રી કવર વિસ્તાર છે, જે ભૌગોલિક વિસ્તારના ચાર ટકા જેટલો થાય છે...

**માલવ એ નિલગીરી નું ગામ છે ...**

ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવેલું માલવ ગામ એ નિલગીરીના વૃક્ષોનું ગામ છે. એગ્રો ફોરેસ્ટ્રી ઓફ યુકેલિપ્ટ્‌સના નામે જાણીતા એવા આદિવાસી ગામમાં ૮૦ ટકા ખેડૂતો એગ્રો ફોરેસ્ટ્રીમાં કાર્યરત છે. આ ગામમાં ૧૦.૮૮ લાખ જેટલા નિલગીરીના વૃક્ષો આવેલા છે અને પ્રતિવર્ષ આ ગામમાં એક લાખ નવા વૃક્ષો વાવવામાં આવે છે. આ ગામની વ્યાખ્યા બીજી ભાષામાં આપવી હોય તો એવું કહેવાય કે એક ગામ જયાં માનવ વસતી કરતાં અનેક ગણાં વધારે વૃક્ષો વાવવામાં આવ્યા છે. આયુર્વેદ ઉપરાંત એલોપથિક ઉપચારમાં નિલગીરીને એક ઉત્તામ ઔષધ માનવામાં આવે છે. નિલગીરીના પાન, ફુલ અને છાલ ઉપરાંત તેનું લાકડું પણ કામ લાગે છે...